**<u>તા.૧૪/૦૩/૨૦૨૩</u>**

પેટલાદ નગરપાલિકાની ખાસ સામાન્ય સભાની બેઠક આજ તા.૧૪/૦૩/૨૦૨૩ ને મંગળવારનાં રોજ બપોરનાં ૦૩=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં નક્કી કરેલ તારીખ અને સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી રમેશભાઇ આર. પરમાર | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રી નરેશકુમાર આર. તળપદા | સભ્યશ્રી |
| (૪) | શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિક | ” |
| (૫) | શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ | ” |
| (૬) | શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ | ” |
| (૭) | શ્રીમતિ ગીતાબેન જે. પરમાર | ” |
| (૮) | શ્રી ભાવિનભાઇ એમ. પટેલ | ” |
| (૯) | શ્રી જયકુમાર બી. પટેલ | ” |
| (૧૦) | શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ | ” |
| (૧૧) | શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ | ” |
| (૧૨) | શ્રી કેતનકુમાર સી. ગાંધી | ” |
| (૧૩) | શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી | ” |
| (૧૪) | શ્રીમતિ કાજલબેન કે. પટેલ | ” |
| (૧૫) | શ્રીમતિ ધરતીબેન જે. પટેલ | ” |
| (૧૬) | શ્રી સુનિલકુમાર એસ. પટેલ | ” |
| (૧૭) | શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ | ” |
| (૧૮) | શ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆ | ” |
| (૧૯) | શ્રીમતિ વિશાલબેન એસ. સોની | ” |
| (૨૦) | શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા | ” |
| (૨૧) | શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા | ” |
| (૨૨) | શ્રીમતિ નીદાબાનુ વિ. મીરઝા | ” |
| (૨૩) | શ્રીમતિ રૂકસાર એ. મીરઝા | ” |
| (૨૪) | શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ. કાજી | ” |
| (૨૫) | શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી | ” |
| (૨૬) | શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા | ” |
| (૨૭) | શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા | ” |
| (૨૮) | શ્રી અસ્લમબેગ એ. મીરઝા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. માન.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનું જરૂરી વિષય તરીકેના કામની યાદી વંચાણમાં લીધી.

* <u>જરૂરી વિષય તરીકેનું કામ</u> :-

(૧) મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ, શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રીમતિ જલ્પાબેન બી. શાહ તથા શ્રી ભાવેશભાઇ કે. તળપદા નાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

ઉપર જણાવ્યા મુજબના જરૂરી વિષય તરીકેના કામની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યું.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧) :** કારોબારી સમિતિની ભલામણ સહ સને ૨૦૨૨-૨૩ નું પુનરાવર્તિત અંદાજપત્ર તથા આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૨૩-૨૪ માટેનું અંદાજીત આવક તથા અંદાજીત ખર્ચનાં આંકડા દર્શાવતું અંદાજપત્ર (બજેટ) વંચાણમાં લઇ જોઇ તપાસી મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૯૭ / તા.૧૪/૦૩/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી જયકુમાર બી. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સને ૨૦૨૨-૨૩ નાં પુનરાવર્તિત બજેટ તથા આગામી હિસાબી નાણાંકીય વર્ષ સને ૨૦૨૩-૨૪ માટે અંદાજીત આવક તથા અંદાજીત ખર્ચનાં આંકડા દર્શાવતું તૈયાર થઇ આવેલ અંદાજપત્ર (બજેટ) વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સને ૨૦૨૨-૨૩ નાં પુનરાવર્તિત તથા આગામી હિસાબી નાણાંકીય વર્ષ સને ૨૦૨૩-૨૪ માટે અંદાજીત આવક તથા અંદાજીત ખર્ચનાં આંકડા દર્શાવતું તૈયાર થઇ આવેલ અંદાજપત્ર (બજેટ) જેની વિગતો નીચે મુજબ છે.

સને ૨૦૨૨-૨૩ નું સુધારેલ અંદાજપત્ર

| | | | |
|---|---|---|---|
| ઉઘડતી સિલક | : | રૂા. | ૪,૯૪,૩૩,૫૪૫=૬૧. |
| આવક | : | રૂા. | ૨૫,૮૦,૪૭,૮૨૨=૧૩. |
| કુલ | : | રૂા. | ૩૦,૭૪,૮૧,૩૬૭=૭૪. |
| ખર્ચ | : | રૂા. | ૨૧,૪૯,૫૧,૯૫૮=૦૦. |
| બંધ સિલક | : | રૂા. | ૯,૨૫,૨૯,૪૦૯=૭૪. |

સને ૨૦૨૩-૨૪ નું અસલ અંદાજપત્ર

| | | | |
|---|---|---|---|
| ઉઘડતી સિલક | : | રૂા. | ૯,૨૫,૨૯,૪૦૯=૭૪. |
| આવક | : | રૂા. | ૩૧,૧૩,૧૪,૯૯૦=૦૦. |
| કુલ | : | રૂા. | ૪૦,૩૮,૪૪,૩૯૯=૭૪. |
| ખર્ચ | : | રૂા. | ૩૯,૫૪,૪૦,૪૯૩=૦૦. |
| બંધ સિલક | : | રૂા. | ૮૪,૦૩,૯૦૬=૭૪. |

આમ, ઉપરની વિગતો ધરાવતાં અંદાજપત્રમાં જણાવેલ આવક તથા ખર્ચનાં આંકડાઓ યથાવત સ્વરૂપે રાખી તેમાં ફેરફાર કે સુધારા વિના તેમજ મુસદ્દાની તમામ વિગતો મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે નિયમાનુસારની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથા માનનીય પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ એ જણાવ્યું કે, આજ રોજ રજૂ થયેલ અંદાજપત્ર સર્વાનુમતે મંજુર કરવા સંમતિ છે. પરંતુ રજૂ થયેલ અંદાજપત્રમાં પેટલાદ નગરપાલિકાનાં નવનિર્મિત મકાનમાં બોર્ડરૂમ(સભાખંડ)માં ફર્નિચરની વ્યવસ્થા નથી. જેથી બોર્ડરૂમ (સભાખંડ) ની ગરિમા જળવાય તેવી બેઠક વ્યવસ્થા સાથેનું ફર્નિચર કરાવવું જોઇએ તેવું સૂચન કરવામાં આવ્યું. અને તેનું આયોજન આ બજેટમાં થયુ નથી. પણ જો આગામી દિવસોમાં તેનું આયોજન કરવામાં આવે તો તે પેટે થનાર ખર્ચ પુનરાવર્તિત બજેટમાં લેવા અમારી મૌખિક સંમતિ છે.

તથા મ્યુનિ. સભ્ય શ્રી અસ્લમબેગ એ. મીરઝાએ જણાવ્યું કે, આજરોજ રજૂ થયેલ અંદાજપત્રમાં મનોરંજન કરની ગ્રાન્ટમાંથી વિકાસનાં કામો તે સદર હેઠળ આવક વિભાગમાં રૂા.૧૨ લાખ આવક તરીકે દર્શાવેલ છે. પરંતુ ખર્ચ વિભાગમાં આ સદર હેઠળ ખર્ચ દર્શાવેલ નથી. તે સિવાય અંદાજપત્રને સર્વાનુમતે મંજુર કરવા સંમતિ આપેલ છે.

આ બાબતે ખુલાસો કરતાં જણાવવામાં આવ્યું કે, ખર્ચ વિભાગમાં મનોરંજન કરની ગ્રાન્ટમાંથી વિકાસનાં કામો નું સદર શરતચૂક થી બે વખત ટાઇપ થયેલ છે. જેથી એક કોલમમાં અંદાજીત ખર્ચ રૂા.૧૨.૫૦ લાખ દર્શાવેલ છે. જયારે એક સમાન સદર બીજી વખત શરત ચૂકથી ટાઇપ થયેલ કોલમમાં ખર્ચ દર્શાવેલ નથી. જે એકાઉન્ટ વિભાગ તરફથી થયેલ શરત ચૂકની ભુલ છે. જે સુધારાપાત્ર છે. અને આવી ભુલ ફરી ન થાય તેની કાળજી લેવા એકાઉન્ટ વિભાગમાં તાકીદ કરવામાં આવ્યા.

આમ, ઉપર જણાવ્યા મુજબની ચર્ચા વિચારણાં કરતાં પર્યાપ્ત ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબ આખરી ઠરાવ કરવામાં આવે છે.

પેટલાદ નગરપાલિકાનાં સને ૨૦૨૨-૨૩ નાં પુનરાવર્તિત બજેટ તથા આગામી હિસાબી નાણાંકીય વર્ષ સને ૨૦૨૩-૨૪ માટે અંદાજીત આવક તથા અંદાજીત ખર્ચનાં આંકડા દર્શાવતું તૈયાર થઇ આવેલ અંદાજપત્ર (બજેટ) વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સને ૨૦૨૨-૨૩ નાં પુનરાવર્તિત

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

તથા આગામી હિસાબી નાણાંકીય વર્ષ સને ૨૦૨૩-૨૪ માટે અંદાજીત આવક તથા અંદાજીત ખર્ચનાં આંકડા દર્શાવતું તૈયાર થઇ આવેલ અંદાજપત્ર (બજેટ) જેની વિગતો નીચે મુજબ છે.

**સને ૨૦૨૨-૨૩ નું સુધારેલ અંદાજપત્ર**

| | | | |
|---|---|---|---|
| ઉઘડતી સિલક | : | રૂા. | ૪,૯૪,૩૩,૫૪૫=૬૧. |
| આવક | : | રૂા. | ૨૫,૮૦,૪૭,૮૨૨=૧૩. |
| કુલ | : | રૂા. | ૩૦,૭૪,૮૧,૩૬૭=૭૪. |
| ખર્ચ | : | રૂા. | ૨૧,૪૯,૫૧,૯૫૮=૦૦. |
| બંધ સિલક | : | રૂા. | ૯,૨૫,૨૯,૪૦૯=૭૪. |

**સને ૨૦૨૩-૨૪ નું અસલ અંદાજપત્ર**

| | | | |
|---|---|---|---|
| ઉઘડતી સિલક | : | રૂા. | ૯,૨૫,૨૯,૪૦૯=૭૪. |
| આવક | : | રૂા. | ૩૧,૧૩,૧૪,૯૯૦=૦૦. |
| કુલ | : | રૂા. | ૪૦,૩૮,૪૪,૩૯૯=૭૪. |
| ખર્ચ | : | રૂા. | ૩૯,૫૪,૪૦,૪૯૩=૦૦. |
| બંધ સિલક | : | રૂા. | ૮૪,૦૩,૯૦૬=૭૪. |

આમ, ઉપરની વિગતો ધરાવતાં અંદાજપત્રમાં જણાવેલ આવક તથા ખર્ચનાં આંકડાઓ યથાવત સ્વરૂપે રાખી તેમાં ફેરફાર કે સુધારા વિના તેમજ મુસદ્દાની તમામ વિગતો મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે નિયમાનુસારની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથા માનનીય પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ. કામ નં. (૧) :** મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ, શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રીમતિ જલ્પાબેન બી. શાહ તથા શ્રી ભાવેશભાઇ કે. તળપદા નાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૯૮ / તા.૧૪/૦૩/૨૩**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ, શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રીમતિ જલ્પાબેન બી. શાહ તથા શ્રી ભાવેશભાઇ કે. તળપદા નાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામકાજ ન હોવાથી અધ્યક્ષશ્રીએ આજની સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.